## ભારતના પ્રખ્યાત વૈજ્ઞાનિક

- અશ્વિની કુમારોઃ– ઋગ્વેદમાં આયુર્વેદાચાર્ય અને શલ્ય ચિકિત્સા બાબતે દેવોના ચિકિત્સક તરીકે તેમનો ઉલ્લેખ થયેલ છે.
- ધનવંતરીઃ–ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યના સમયના મહાન આયુર્વેદાચાર્ય
- મહર્ષિ આત્રેયઃ–ઋષિ ભારદ્વાજના શિષ્ય, એમનો ગ્રંથ અત્રિયસંહિતા ૫ લાખ શ્લોકોનો બનેલો છે.
- મહર્ષિ કપિલઃ–સાંખ્યશાસ્ત્રના રચયિતા આ મુનિએ અણુ અને પરમાણુ પર સંશોધન કરેલ છે.
- મહર્ષિ પતંજલિઃ– યોગસુત્રના રચયિતા
- સુશ્રુતઃ–વિશ્વમાં સૌપ્રથમ શૈલ્ય ચિકિત્સા કરનાર(પ્લાસ્ટિક સર્જરી)
- જીવકઃ–મગધસમ્રાટ બીંબીસારના રાજવૈદ્ય બાળરોગના નિષ્ણાંત ચિકિત્સક
- નાગાર્જુનઃ–ભારતના સર્વપ્રથમ રસાયણશાસ્ત્રી, તેમણે પારાની ભસ્મમાંથી ઔષધો બનાવ્યા.
- આરોગ્યમંજરી અને કક્ષપુત્રતંત્રના રચયિતાઃ નાગાર્જુન
- શૂન્યવાદનો સિદ્ધાંત નાગાર્જુને આપ્યો.(શૂન્યતાસપ્તતી પુસ્તક લખ્યું)
- આર્યભટ્ટઃ–પ્રાચિન ભારતના મહાન ખગોળશાસ્ત્રી અને ગણિતશાસ્ત્રી, તેમણે ચંદ્રગ્રહણ અને સૂર્યગ્રહણ તથા પૃથ્વી પોતાની ધરી ઉપર ફરે છે, પૃથ્વીનો વ્યાસ, પાઈની કિંમત, વિશ્વ સમક્ષ સૌ પ્રથમ રજૂ કર્યુ હતું.
- વરાહમિહિરઃ– ગુપ્તયુગના મહાન ગણિતશાસ્ત્રી અને ખગોળશાસ્ત્રી બૃહદસંહિતા અને પંચસિદ્ધાંતિકા તેમના જાણીતા ગ્રંથો છે.
- આચાર્ય બ્રહ્મગુપ્તઃ–મહાન ગણિતશાસ્ત્રી અને જ્યોતિષશાસ્ત્રી, તેમણે 'બ્રહ્મસ્કુટ સિદઘાંત' નામનું પુસ્તક લખ્યું હતું. તથા 'ખંડખાદ્યક'નામના ગ્રંથો લખ્યા છે. તેમને શૂન્ય (૦)ને ગણતરીમાં લેવાના સૌપ્રથમ સિદ્ધાંતો રજૂ કર્યા.
- વાગ્ભટ્ટઃ–ગુપ્તયુગના મહાન આયુર્વેદાચાર્ય અને 'અષ્ટાંગસંગ્રહ' ગ્રંથના રચયિતા
- ભાસ્કરાચાર્યઃ–'સિદ્ધાંત શિરોમણિ' તથા 'લીલાવતી ગણિત'ની રચના કરી.
- જગદીશચંદ્ર બોઝઃ– વનસ્પતિમાં જીવ છે એવું સિદ્ધ કરનાર મહાન વનસ્પતિ શાસ્ત્રી, કેસ્કોગ્રાફના શોધક, વિશ્વમાં સૌ પ્રથમ તેમણે વાયરલેસ અને ટેલીગ્રાફ ક્ષેત્રે પ્રયત્નો કર્યા.
- પ્રફુલચંદ્ર રોયઃ– 'હિન્દુ રસાયણ શાસ્ત્રનો ઈતિહાસ' પુસ્તકના રચયિતા
- ત્રિભુવનદાસ ગજ્જરઃ– ગુજરાતના પ્રખ્યાત રસાયણશાસ્ત્રી
- ડૉ.દારાશાહ વાડીયાઃ– ભૂગર્ભ વિજ્ઞાનના પિતામહ
- ડૉ.ચંદ્રશેખર વેંકટરામનઃ– રામન ઈફેક્ટના શોધક, ફિઝિક્સમાં એશિયામાં સૌપ્રથમ નોબલ પારિતોષિત વિજેતા
- શિશિરકુમાર મિત્રાઃ–૧૯૨૬માં ભારતમાં સૌપ્રથમ રેડિયો ટ્રાન્સમીટરની સ્થાપના કરનાર, 'ધ અપર એટમોસ્ફિયર' પુસ્તકના રચયિતા

- પી.સી.મહાલનોબિસઃ– આંકડાશાસ્ત્રના પિતામહ
- સત્યેન્દ્રનાથ બોઝઃ– આઈન્સ્ટાઈન સાથે કામ કરનાર ભારતીય વૈજ્ઞાનિક
- ડૉ. આત્મારામઃ– દેશમાં કાચ ઉદ્યોગ અને સિરામીક ઉદ્યોગના પિતામહ
- ડૉ. સુબ્રમણ્યમ ચંદ્રશેખરઃ– તારાઓના જન્મ અને મૃત્યુ વિશેના સિદ્ધાંતની ભેટ આપી, ૧૯૮૨માં નોબલ પ્રાઈઝ મેળવનાર
- ડૉ. વિક્રમ સારાભાઈઃ– ભારતને અવકાશયુગમાં પ્રવેશ કરાવનાર, પરમાણુ ઊર્જાક્ષેત્રે, અવકાશક્ષેત્રે, ટેક્સટાઈલ ક્ષેત્રે ભારતને સ્વતંત્ર બનાવનાર
- ડૉ.હરગોવિંદ ખુરાનાઃ– કૃત્રિમ જનિન તત્વોના સર્જક, ૧૯૮૬માં નોબેલ પ્રાઈઝ મેળવનાર
- એમ.એસ. સ્વામિનાથનઃ– ભારતમાં હરિયાળીક્રાંતિના પિતા
- ડૉ. રાજા રામન્નાઃ– પોખરણ અણુવિસ્ફોટના મુખ્ય વૈજ્ઞાનિક
- કમલકાંત પાંડેઃ– ભારતના પ્રથમ કૃષિ ગ્રેજ્યુએટ
- વેણુબાપ્પુઃ– 'ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ એસ્ટ્રો ફિઝિક્સ'ના સ્થાપક
- ડૉ. જે.જે. રાવલઃ– નેપ્ચ્યુનના ઉપગ્રહો, શનિ અને ગુરૂના વલયો શોધી કાઢીને વિશ્વમાં નામના મેળવનાર
- ડૉ. પી.કે. સેનઃ– એશિયાનું પ્રથમ હૃદય પ્રતિક્રમણ ઓપરેશન કરનાર.
- ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામઃ– ભારતીય મિસાઈલ ટેકનોલોજીના પિતા, ૧૯૯૮માં કરવામાં આવેલા પોખરણ અણુ ધડાકાના મુખ્ય વૈજ્ઞાનિક

**ભારતમાં આવેલી અગ્રણી વૈજ્ઞાનિક સંસ્થાઓઃ–**

| સંસ્થા અને સ્થળ |
|---|
| • નેશનલ ફિઝિકલ લેબોરેટરીઃ– દિલ્હી |
| • નેશનલ કેમિકલ લેબોરેટરીઃ– પૂણે |
| • નેશનલ મેટલર્જિકલ(ધાતુ) લેબોરેટરીઃ– જમશેદપુર(બિહાર) |
| • સેન્ટ્રલ લેધર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટઃ– ચેન્નાઈ |
| • સેન્ટ્રલ ઈન્સ્ટિટયૂટ ફોર કોટન રિસર્ચઃ– નાગપુર |
| • સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરિન કેમિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટઃ– ભાવનગર |
| • ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટયૂટ હાઈજિન એન્ડ પબ્લિકહેલ્થઃ– કોલકત્તા |
| • વાઈરસ રિસર્ચ સેન્ટરઃ– પૂણે |
| • જીયોલોઝિકલ સર્વે ઓફ ઈન્ડિયાઃ– કોલકત્તા |
| • ફોરેસ્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટઃ– દહેરાદૂન |
| • નેશનલ ડેરી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટઃ– કર્નાલ |
| • સેન્ટ્રલ મેન્ગો રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટઃ– લખનૌં |
| • સેન્ટ્રલ કોકોનટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટઃ– કોલમ (કેરળ) |
| • સેન્ટ્રલ ટોબેકો રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટઃ– રાજમુંદ્રી (આંધ્રપ્રદેશ) |



ભોંયરામાં, લાલભુવન કોમ્પ્લેક્ષ, બોમ્બે વડાપાંઉ નીચે, સેક્ટર-૨૨, ઘ-૬ કોર્નર, ગાંધીનગર

| |
|---|
| • બિરબલ સાહની ઈન્સ્ટિટ્યૂટ ઓફ બોટનીઃ– લખનૌ |
| • ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચઃ– મુંબઈ |
| • ઈન્દિરા ગાંધી સેન્ટર ફોર એટમિક રિસર્ચઃ– કલ્પક્કમ |
| • સ્પેસ એપ્લિકેશન સેન્ટર અને અટીરા–અમદાવાદ |
| • ભારતીય યુરેનિયમ કોર્પોરેશનઃ–બિહાર |

**કેટલાક માનવ રોગોઃ–**

| | |
|---|---|
| **મેલેરીયાઃ–** | –માદા એનોફિલિસ મચ્છરના કરડવાથી<br>–પ્લાઝમોડિયમ વાયવેક્સ નામના પ્રજીવના કારણે<br>–દવાઃ ક્વિનાઈન<br>–મેલેરીયાનું કારણ અમેરિકન વૈજ્ઞાનિક 'રોનાલ્ડ રોસે' આપ્યું |
| **ઈન્ફ્લુએન્ઝાઃ**– સુક્ષ્મજીવ, મિક્ષો વાઈરસ ઈન્ફ્લુએન્જા | |
| **કોલેરાઃ**– વિબ્રિયો કોલેરી | |
| **અતિસાર(ડાયેરિયા)**–ઈકોલીય સિંગેલા બેક્ટેરિયા | |
| **કમળોઃ–** હિપેટાઈટીસ વાઈરસ એ | |
| **કમળીઃ–** હિપેટાઈટીસ વાઈરસ બી | |
| **લીવર કેન્સરઃ–** હિપેટાઈટીસ વાઈરસ સી | |
| **ટાઈફોડઃ–** સાલ્મોનેલા ટાઈફી | |
| **હાથીપગોઃ–** ટીનીયા પેડિસ | |
| **ખસઃ–** એકેરસસ્કેબિઝ | |
| **ધાધરઃ–** રિંગવર્મ | |
| **હડકવાઃ–** રેબ્ડોવાઈરસ | |
| **ખસરાઃ–**મોર્બિલી | |
| **એઈડ્સઃ–** એચઆઈવી–૧,૨(શોધકઃ– રોબર્ટ ગોલ) | |

**ખનીજદ્રવ્યની ઉણપથી થતાં રોગોઃ–**

| રોગ | શેની ઉણપથી થાય |
|---|---|
| **પાંડુરોગઃ** | લોહતત્વની ઉણપથી |
| **ગોઈટરઃ** | આયોડીન |
| **રતાંધણાપણુઃ** | વિટામિન એ |
| **બેરીબેરીઃ** | વિટામીન બી |



ભોંયરામાં, લાલભુવન કોમ્પ્લેક્ષ, બોમ્બે વડાપાંઉ નીચે, સેક્ટર–૨૨, ઘ–૬ કોર્નર, ગાંધીનગર

| | |
|---|---|
| **સ્કર્વીઃ** | વિટામીન સી |
| **રિકેટસ (સુકતાન) :** | વિટામીન ડી |
| **વંધત્વઃ** | વિટામીન ઈ |
| **લોહીનું ન ગંઠાવુઃ** | વિટામીન કે |

**પ્રોટીનની ઉણપથી થતાં રોગોઃ–**

- મરાસ્મસ અને ક્વોશિયોરકોર

**મચ્છરજન્ય રોગોઃ–**

- ચિકનગુનિયાઃ– માદા મચ્છર એડિસના કરડવાથી
- ડેન્ગ્યુઃ– માદા એડિસ ઈજિપ્ત

**પ્રોટોઝાવા દ્વારા થતાં રોગોઃ–**

- પાયોરિયાઃ– જીંજીવેલિસ
- પેચિસઃ– હિસ્ટોલિટીકા

**બેક્ટેરિયા દ્વારા થતાં રોગોઃ–**

| રોગ | જવાબદાર બેક્ટેરિયા |
|---|---|
| **ધનુર્વાઃ** | ક્લોસ્ટ્રિડિયમ ટેરેની |
| **સિફિલિસઃ** | ટ્રેપેનોમા પેલેડિયમ |
| **સફેદ કોઢઃ** | માઈકોબેક્ટેરિયમ લેગ્રી |
| **ગોનોરિયાઃ** | નાઈસેરિયા ગોનોરિયાઈ |
| **ન્યુમોનિયાઃ** | ડિપ્લોકોકમ ન્યુમોની |
| **પ્લેગઃ** | પાશ્ચુરેલા પેસ્ટિસ |
| **ડિપ્થેરિયાઃ** | કોરોની બેક્ટેરિયા |
| **હાથીપગોઃ** | ફાઈલેરિયા બેન્કોક્રુટાઈ |

| શોધ અને | શોધકઃ– |
|---|---|
| **પેશ્ચ્યુરાઈઝેશનઃ** | લુઈસ પાશ્ચર |
| **બીસીજીની રસીઃ** | કાલમેટ ગ્યુરિન |
| **મેલેરીયાની રસીઃ** | લીવીરેન |
| **શીતળાની રસીઃ** | એડવર્ડ ઝેનર |
| **કોલેરાની રસીઃ** | રોબર્ટ કોચ |
| **હડકવાની રસીઃ** | લુઈ પાશ્ચર |
| **ડિપ્થેરિયાની રસીઃ** | કલેબ્સ અને વોન બેહરિંગ |
| **ડીડીટીના શોધકઃ** | પાઉલ મ્યુલર |
| **વિટામીન એના શોધકઃ** | ફ્રેડરિક ગોવ્લેંડ હોપકિન્સ |
| **વિટામીન બીઃ** | મેક્યુલેમ |

અનામિકા એકેડમી

| | |
|---|---|
| **વિટામીન સીઃ** | હોલ્સ્ટ |
| **વિટામીન ડીઃ** | મેક્યુલેમ |
| **ઈન્સ્યુલિનઃ** | બેન્ટિંગ |
| **ડીએનએઃ** | જેમ્સ વોટ્સન એન્ડ ફ્રાન્સિક ક્રીક |
| **હોમિયોપેથીઃ** | સેમ્યુઅલ હાનિમેન (જર્મની) |
| **ક્લોરોફોર્મઃ** | હેરિસન |
| **બેક્ટેરિયાઃ** | વાનલ્યુવેન હોક |
| **પોલિયોની રસીઃ** | જોનાસ સસાલ્ક |
| **પેનિસિલિનઃ** | એલેકઝાન્ડર એન્ડ ફ્લોરી ફ્રેમિંગ |

## વિટામીન, રાસાયણિક નામ અને ઉણપથી થતાં રોગોઃ–

- **એઃ–** રેટિનોલઃ– રતાંધણાપણું
- **બી ૧**–થાયામિનઃ–બેરીબેરી
- **બી ૨**–રિબોફ્લેવિનઃ– ચામડી તથા જીભનું તરડાવું
- **બી ૩**–પેન્ટોથેનિક એસિડઃ– કસમયે વાળ ધોળા થવા/ મંદબુદ્ધિ
- **બી ૫**–નિયાસીનઃ– પેલેગ્રા
- **બી ૬**–પાયરીડોક્સિનઃ– પાંડુરોગ અને ચામડીના રોગો
- **બી ૭**–બાયોટીનઃ– લકવો
- **બી ૯**–ફોલિક એસિડઃ–એનિમીયા અને અતિસાર
- **બી ૧૨**–સાઈનોકોબાલામીનઃ– એનેમિયા, ખેંચ, કમળો
- **સીઃ–** એસ્કોર્બિક એસિડઃ– સ્કર્વી, અવાળું
- **ડીઃ–** કેલ્સીફેરોલઃ– સુકતાન
- **ઈઃ–** ટોકોફેરોલઃ– પ્રજનન ક્ષમતાની ઉણપ
- **કેઃ–** ફાઈલોક્યુનોનઃ– રક્તનું ના ગંઠાવું(હિમોફિલીયા)

## વિવિધ પાચકતત્વો અને ઉત્સેચકોઃ–

- **ટ્રિપ્સીનઃ–** પ્રોટીનનું વિઘટન કરી પોલિપેપ્ટાઈડ બનાવે છે.
- **એમાઈલેઝઃ–**સ્ટાર્ચને સીમ્પલ સુગરમાં ફેરવે છે.
- **લાઈપેઝઃ–** ફેટને ફેટીએસિડ અને ગ્લિસરોલમાં ફેરવે છે.
- **ઈરેપ્સિનઃ–** પ્રોટીન અને પેપ્ટોનનું એમિનો એસિડમાં રૂપાંતર
- **માલ્ટેઝઃ–** માલ્ટોઝનું ગ્લુકોઝમાં રૂપાંતર
- **સુકરેઝઃ–** સુક્રોઝનું ગ્લુકોઝ અને ફ્રુકટોઝમાં રૂપાંતર
- **લાયપેઝઃ–** ઈમલ્સીફાઈડ ફેટ્સનું ગ્લિસરિન તથા ફેટી એસિડમાં રૂપાંતર
- **હિપેરીનઃ–** આ પ્રોટીન યકૃત ઉત્પન્ન કરે છે જે લોહીને શરીરમાં જામી જતું અટકાવે છે.
- **ટાયલીનઃ–** લાળગ્રંથિમાંથી સ્ત્રાવ થાય છે.
- **પેપ્સીન, રેનિનઃ–** જઠર રસમાંથી પ્રોટીનનું પેપ્ટોન્સમાં રૂપાંતર

- **લાઈપેઝઃ–** ફેટનું ફેટી એસિડ અને ગ્લાયકોલમાં રૂપાંતર
- **ઈરેપ્સીનઃ–** પ્રોટીનનું એમિનો એસિડમાં રૂપાંતર
- **માલ્ટેઝઃ–** માલ્ટોઝનું ગ્લુકોઝમાં રૂપાંતર

**વિવિધ તથ્યોઃ–**

- **ક્રેબ્સચક્રઃ–** તેને સાઈટ્રિક એસિડ ચક્ર પણ કહે છે. આ ચક્રમાં બે અણુ પાયરૂવિક એસિડના હોય છે અને છ અણુ કાર્બન ડાયોક્સાઈડના હોય છે.
- **ધમનીઃ–** હૃદયમાંથી શરીરના અંગો તરફ વહન કરતી રૂધિરવાહિનીને ધમની કહે છે. ધમનીની દિવાલ જાડી અને સ્થિતિ સ્થાપક હોય છે. ધમનીમાં ઓક્સિજન યુક્ત શુદ્ધ લોહી હોય છે.
- **શીરાઃ** અંગોમાંથી રૂધિર એકત્રિત કરી હૃદય તરફ જતી રૂધિરવાહિનીને શીરા કહે છે.
- **રૂધિર કોશિકાઃ–** ધમનિકા પેશીકોષોની આજુબાજુ સાંકડા વ્યાસવાળી પાતળી દિવાલયુક્ત સુક્ષ્મવાહિકાઓ હોય છે જેને રૂધિર કોશિકા કહે છે.
- **મસ્તિષ્કના ભાગોઃ–**
- **બૃહદ મસ્તિષ્કઃ–** આ વિકસીત ભાગ છે. જ્યાં બુદ્ધિમત્તા, ઈચ્છાશક્તિ, ઐચ્છિક ગતિઓ, જ્ઞાન, વાણી, ચિંતન, સ્મૃતિનું કેન્દ્ર છે. જ્ઞાનેન્દ્રિયોથી પ્રાપ્ત થયેલી પ્રેરણાઓનું વિશ્લેષણ અને સમન્વયનું કાર્ય કરે છે.
- **થેલેમસઃ** ગરમ, ઠંડા તથા દર્દનો અનુભવ કરે છે.
- **હાઈપોથેલેમસઃ** હોર્મોનનું નિયંત્રણ કરે છે. ભૂખ, તાપ, તરસ, પ્રેમ, ધૃણાની સંવેદના કરે છે. લોહીનું દબાણ,પાણીનું ઉપાપચય, પરસેવો, ગુસ્સો, ખુશી
- **મધ્ય મસ્તિષ્ક**માં દ્રષ્ટિ, શ્રવણ અને સ્પર્શના સંવેદી કેન્દ્રો આવેલાં છે.
- **અનુમસ્તિષ્ક**માં બે ભાગ છે.
- **સેરેબેલમઃ–** શરીરનું સંતુલન અને ઐચ્છિક પેશીઓનું નિયંત્રણ, આંતરિક કાનના, સંતુલિત ભાગથી સંવેદના મેળવે છે.
- **લંબમજ્જાઃ–** આ સૌથી પાછળનો ભાગ છે. મુખ્યકાર્ય ઉપાપચય, રક્તદાબ, અન્નનળીના સ્ત્રાવ તથા હૃદયના ધબકારાનું નિયંત્રણ કરે છે. છીંક, ખાંસી, શ્વાસોછશ્વાસનું નિયમન કરે છે.
- **કરોડરજ્જુઃ** કરોડરજ્જુ લંબમજ્જાના અંત છેડેથી શરૂ થઈ ધડપ્રદેશનું ચેતાતંત્ર રચે છે. કરોડરજ્જુમાંથી **૩૧ જોડ કરોડરજ્જુ** ચેતાઓ નીકળે છે. તે શરીરના વિવિધ અંગોને મગજ સાથે સાંકળે છે તે અંગો મગજ તરફ અને મગજથી અંગો તરફ ઊર્મિવેગોનું વહન કરે છે. મગજ ઉપરાંત કરોડરજ્જુ પરાવર્તી ક્રિયા પણ કરે છે.
- **કીડની** લગભગ ૧,૩૦,૦૦,૦૦૦ મૂત્રનલિકાઓથી બનેલી હોય છે. જેને **નેફ્રોન્સ** કહે છે. નેફ્રોન એ કીડનીનો કાર્યાત્મક એકમ છે. દરેક નેફ્રોનમાં એક નાની રચના બાઉમેન કેપ્સ્યુલ હોય છે.
  આ કેપ્સ્યુલમાં પાતળી રૂધિરકોશિકાઓનો ગુચ્છ જોવા મળે છે.

યુરોક્રોમની હાજરીના કારણે મૂત્રનો રંગ પીળાશ પડતો હોય છે. મૂત્ર એસિડિક હોય છે જેનો પીએચ–૬ હોય છે. કીડનીમાં બનતી પથરી કેલ્શિયમ ઓક્ઝોલેટ હોય છે.

- **સૌથી મોટું હાડકું**–ફીમર(જાંઘનું હાડકું)
- **સૌથી નાનું હાડકું**–સ્ટેપ્સ(કાનનું હાડકું)
- **લંબાઈનો સૌથી મોટો એકમ** પારસેક છે. **૧ પારસેક એટલે ૩.૨૬ પ્રકાશવર્ષ**
- **બળનો સીજીએસ પદ્ધતિનો એકમ ડાઈન છે. એસઆઈ પદ્ધતિમાં એકમ ન્યુટન છે. ૧ ન્યુટન એટલે ૧૦ ${}^{૫}$ ડાઈન**
- કાર્યનો સીજીએસ પદ્ધતિનો એકમ અર્ગ છે. એસઆઈ પદ્ધતિમાં એકમ જૂલ છે.

**ન્યુટનના ગતિના નિયમોઃ–**

- **નિયમઃ૧**– જ્યારે કોઈ વસ્તુ પર બાહ્યબળ ન લાગે ત્યાં સુધી તે સ્થિર અવસ્થામાં હોયતો તે સ્થિર રહે છે અને ગતિ કરતી વસ્તુ પોતાની અચળ વેગી ગતિ ચાલુ રાખે છે.
- **નિયમઃ૨**– પદાર્થના વેગમાનમાં થતાં ફેરફારનો સમયદર તેના પર લાગતાં પરિણામી બાહ્યબળના સમપ્રમાણમાં હોય છે અને વેગમાનમાં થતો આ ફેરફાર પરિણામી બળની દિશામાં જ હોય છે.
- **નિયમઃ૩**– $F = MA$, દરેક ક્રિયાને આઘાત અને પ્રત્યાઘાત સરખા મૂલ્યના અને પરસ્પર વિરૂદ્ધ દિશામાં હોય છે.

**ઊર્જાનું રૂપાંતરઃ–**

| વિવિધ ઊર્જાના રૂપાંતરો | સાધન |
|---|---|
| **યાંત્રિકઊર્જાનું વિદ્યુતઊર્જામાં રૂપાંતરઃ** | ડાયનેમો |
| **યાંત્રિકઊર્જાનું ધ્વનિઊર્જામાં રૂપાંતરઃ** | સિતાર, ગિટાર |
| **વિદ્યુતઊર્જાનું ધ્વનિઊર્જામાં રૂપાંતરઃ** | લાઉડ સ્પીકર |
| **વિદ્યુતઊર્જાનું પ્રકાશઊર્જામાં રૂપાંતરઃ** | ટ્યૂબલાઈટ |
| **વિદ્યુતઊર્જાનું યાંત્રિકઊર્જામાં રૂપાંતરઃ** | પંખો, વિદ્યુતમોટર |
| **રસાયણિકઊર્જાનું વિદ્યુતઊર્જામાં રૂપાંતરઃ** | વિદ્યુત સેલ |
| **ધ્વનિઊર્જાનું વિદ્યુતઊર્જામાં રૂપાંતરઃ** | માઈક્રોફોન |

- ગ્રહોની ગતિનો નિયમ કોણે આપ્યો? **કેપ્લર**
- **ઘનતાઃ**–દળ અને કદના ગુણોત્તરને 'ઘનતા' કહે છે. ઘનતાનો એસઆઈ એકમ કિલોગ્રામ/મીટર${}^{3}$ છે.
- **વિશિષ્ટ ઘનતાઃ**–પદાર્થની ઘનતા અને ૪ ડીગ્રી સેલ્સિયસ પર પાણીની ઘનતાના ગુણોત્તરને 'વિશિષ્ટ ઘનતા' કહે છે.
- **સ્નિગ્ધતાઃ** બે અલગ સ્તર વચ્ચેની સાપેક્ષ ગતિને અટકાવતા બળ ધરાવવાના પ્રવાહીના ગુણધર્મને સ્નિગ્ધતા કહે છે.
- **સ્નિગ્ધતા બળઃ** પ્રવાહીના બે સ્તર વચ્ચે આંતરિક ગતિને અટકાવતા બળને 'સ્નિગ્ધતાબળ' કહે છે.


ભોંયરામાં, લાલભુવન કોમ્પ્લેક્ષ, બોમ્બે વડાપાંઉ નીચે, સેક્ટર-૨૨, ઘ-૬ કોર્નર, ગાંધીનગર

- **સ્થિતિસ્થાપક્તાઃ–** આ પદાર્થનો એવો ગુણ છે કે જેના કારણે વસ્તુ તેના પર લાગતાં બાહ્યબળથી ઉત્પન્ન થતા કોઈપણ પરિવર્તનનો વિરોધ કરે છે. જેવું આ બળ હટાવવામાં આવે તરત જ તે પદાર્થ પોતાની પૂર્વવત સ્થિતિ જાળવી રાખે છે.
- **હૂકનો નિયમઃ–** સ્થિતિસ્થાપક્તાની સીમામાં ઉત્પન્ન થતી વિકૃતિ તેના પર લગાવેલ પ્રતિબળના સમપ્રમાણમાં હોય છે. તેનો એસઆઈ યુનિટ 'પાસ્કલ' છે.
- **ધ્વનિ તરંગોઃ** ધ્વનિતરંગોમાં ત્રણ પ્રકારો છે.
  શ્રાવ્ય, પરાશ્રાવ્ય(ઈન્ફ્રાસોનિક), અશ્રાવ્ય(અલ્ટ્રાસોનિક)
- ૨૦ હર્ટ્ઝથી ૨૦,૦૦૦ હર્ટ્ઝની આવૃત્તિ ધરાવનાર ધ્વનિતરંગોને જ મનુષ્યના કાન સાંભળી શકે છે.
- ૨૦ હર્ટ્ઝથી ઓછી આવૃત્તિ ધરાવતા ધ્વનિતરંગોને 'પરાશ્રાવ્ય' એટલે કે 'ઈન્ફ્રાસોનિક' તરંગ કહે છે.
  ઉદાહરણઃ ધરતીકંપ, જ્વાળામુખીનું કંપન, હાથી કે વ્હેલ માછલીની ચીસ
- જે ધ્વનિતંરગોની આવૃત્તિ ૨૦,૦૦૦ હર્ટ્ઝ કરતાં વધારે હોય તેને અલ્ટ્રાસોનિક તરંગો કહે છે. મનુષ્યના કાન તેને સાંભળી શકતા નથી. પરંતુ કુતરા, બિલાડી, ચામાચીડિયું, મચ્છરો આ ધ્વનિ સાંભળી શકે છે. ચામાચીડિયું આવી ધ્વનિ પેદા પણ કરી શકે છે.
- **સોનાર પદ્ધતિ**નો ઉપયોગ દરિયાઈ ઊંડાઈ માપવા માટે વપરાય છે.
- અલ્ટ્રાસોનિક વેવ્સનો ઉપયોગ સોનોગ્રાફીમાં થાય છે.
- ધ્વનિની ગતિ ઘન પદાર્થમાં સૌથી વધારે અને વાયુમાં સૌથી ઓછી છે.
- દિવસ કરતાં રાત્રે ધ્વનિ દૂર સુધી સંભળાય છે.
- **ડૉપ્લર અસરઃ** જો ધ્વનિનો ઉદ્ગમ સ્થાન અને શ્રોતાની વચ્ચે સાપેક્ષગતિ હોય તો શ્રોતાને ધ્વનિની આવૃત્તિ તેની વાસ્તવિક આવૃત્તિથી અલગ સંભળાય છે. આને ડોપ્લર અસર કહે છે. જ્યારે ઉદ્ગમ સ્થાન અને તેના શ્રોતા વચ્ચેનું અંતર ઘટે તો વાસ્તવિક આવૃત્તિ વધે છે.
- **ઉષ્માઃ–** એક પદાર્થમાંથી બીજા પદાર્થમાં તાપમાનમાં ફરકને કારણે ઊર્જાનું સ્થળાંતરણ થાય છે. આ ઊર્જાને 'ઉષ્મા' કહે છે.
- **ઉષ્માનો એકમઃ–** કેલરી(૧ ગ્રામ પાણીનું તાપમાન ૧ ડિગ્રી સી વધારવા માટે આવશ્યક ઉષ્માને ૧ કેલરી કહે છે.)
- જો ૪.૧૮૬ જૂલનું યાંત્રિકકાર્ય થયું હોય તો ઉત્પન્ન થયેલ ઉષ્મા ૧ કેલરી હશે.

**તાપમાન માપવાના એકમોઃ**

- **સેલ્સિયસઃ–** આ તાપમાનની શોધ સેલ્સિયસે કરી. આ પદ્ધતિમાં બરફ અને બાષ્પ વચ્ચે બરાબર ૧૦૦ ભાગ પાડેલા હોય છે. તેથી પાણીનું ગલનબિંદુ ૦ ડીગ્રી સેલ્સિયસ અને પાણીનું ઉત્કલનબિંદુ ૧૦૦ ડીગ્રી સેલ્સિયસ છે.
- **ફેરનહિટઃ–** શોધક–ફેરનહિટ. આ માપનમમાં શીતબિંદુ ૩૨ ડીગ્રી ફેરનહિટ અને બાષ્પબિંદુ ૨૧૨ ડીગ્રી ફેરનહિટ આંકવામાં આવે છે. આ બંને વચ્ચે બરાબર ૧૮૦ ભાગ

પાડવામાં આવે છે. માણસના શરીરનું સામાન્ય તાપમાન ૯૮.૬ની આસપાસ હોવું જોઈએ. જે સેલ્સિયસમાં ૩૭ ડીગ્રી છે.

- **કેલ્વિનઃ–** શીતબિંદુ ૨૭૩ કેલ્વિન અને ઉત્કલનબિંદુ ૩૭૩ કેલ્વિન આ બંને વચ્ચે ૧૦૦ સરખા ભાગ પાડવામાં આવે છે. અધિકતમ તાપમાનની કોઈ સીમા નથી હોતી. પણ નીચામાં નીચા તાપમાનની સીમા હોય છે. કોઈપણ વસ્તુનું તાપમાન –૨૭૩.૧૫ ડીગ્રી સેલ્સિયસથી નીચે જઈ શકતું નથી. આને એબ્સ્યુલ્યુટ ૦ કહે છે.

➢ વિવિધ તાપમાનોને માપવા નીચે મુજબના પદાર્થો વપરાય છે.

- **પારો** –૩૯ ડીગ્રી સેલ્સિયસ પર જામી જાય છે.
- **આલ્કોહોલ** –૧૧૫ ડીગ્રી સેલ્સિયસ પર જામી જાય છે.
- આથી –૩૦થી ૩૫૦ ડીગ્રી સેલ્સિયસ સુધીના તાપમાનને માપવા માટે પારાનો ઉપયોગ થાય છે.
- **નાઈટ્રોજન**થી ૧૫૦૦ ડીગ્રી સેલ્સિયસ સુધીનું તાપમાન માપી શકાય છે.
- **પ્લેટિનમ**થી –૨૦૦થી ૧૨૦૦ ડીગ્રી સેલ્સિયસ સુધીનું તાપમાન માપી શકાય છે.
- –૪૦ ડીગ્રી સેલ્સિયસમાં સેલ્સિયસ અને ફેરનહિટ બંને સમાન અંક દર્શાવે છે.
- **ગુપ્ત ઉષ્માઃ–** ચોક્કસ તાપમાને પદાર્થની અવસ્થામાં પરિવર્તન માટે ઉષ્માની જરૂર પડે છે. તેને 'ગુપ્ત ઉષ્મા' કહે છે.
- **ગલન ગુપ્ત ઉષ્માઃ–** ચોક્કસ તાપમાને ઘન પદાર્થનું પ્રવાહીમાં રૂપાંતર કરવા માટે આવશ્યક ઉષ્માની જરૂર પડે છે. તે ઉષ્માને ગલન ગુપ્ત ઉષ્મા કહે છે. પાણીની ગલન ગુપ્ત ઉષ્મા ૮૦ કેલરી/ગ્રામ છે.

**રંગોઃ–**

- **પ્રાથમિક રંગો–**લાલ, પીળો અથવા લીલો અને વાદળી
- **દ્વિતિય રંગોઃ–** બે રંગોના મિશ્રણથી બને છે.
    - લાલ+વાદળી=જાંબુડી(મેઝન્ટા)
    - લાલ+પીળો=કેસરી
    - પીળો+વાદળી=પોપટી
- જે બે રંગ ભેગા કરવાથી સફેદ રંગ બને તે બંને રંગોને **'પૂરક રંગ'** કહે છે.
- વસ્તુ તેના પર પડતા જે તે રંગના પ્રકાશને પરાવર્તીત કરે છે તથા બાકીનો રંગ શોષી લે છે. જો વસ્તુ બધા રંગોને પરાવર્તીત કરે તો તે 'સફેદ' હોય છે અને બધા રંગોને શોષી લે તો તે રંગ 'કાળો' હોય છે.
- જાંબલી રંગનો પ્રકાશનો વેગ સૌથી ઓછો અને પરાવર્તન સૌથી વધારે હોય છે. જ્યારે લાલ રંગનો વેગ સૌથી વધુ અને પરાવર્તન સૌથી ઓછું હોય છે. આથી ખતરાની નિશાનીઓ અને ટ્રાફિક સિગ્નલમાં લાલ રંગ વપરાય છે.
- **લઘુ દ્રષ્ટિ(માયોપિયા)**– આ ખામી ધરાવતા વ્યક્તિ નજીકની વસ્તુને જોઈ શકે છે, પણ દૂરની વસ્તુ જોઈ શકતો નથી. આ ખામી ધરાવતાં અંતર્ગોળ લેન્સ વાપરે છે.



ભોંયરામાં, લાલભુવન કોમ્પ્લેક્ષ, બોમ્બે વડાપાંઉ નીચે, સેક્ટર-૨૨, ઘ-૬ કોર્નર, ગાંધીનગર

- **ગુરુદ્રષ્ટિ(હાયપરમેટ્રોપિયા)**– આ ખામી ધરાવતા વ્યક્તિને દૂરની વસ્તુ દેખાય છે પણ નજીકની વસ્તુ જોઈ શકતો નથી. આ રોગમાં નજીકની વસ્તુનું પ્રતિબિંબ રેટીનાની પાછળ બને છે. આ ખામી નિવારવા યોગ્ય પ્રતિબિંબ અંતરવાળા બહિર્ગોળ લેન્સ વાપરવા જોઈએ.
- જ્યારે બે પદાર્થોને ઘસવાથી જે વિદ્યુત પેદા થાય છે તેને સ્થિર વિદ્યુત કહે છે.
- **કુલંબનો નિયમઃ–** બે પદાર્થો વચ્ચેનું આકર્ષણ કે અપાકર્ષણ વિદ્યુતભારના ગુણાંકના સમપ્રમાણમાં અને બંને વચ્ચેના અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં હોય છે.
- વિદ્યુતક્ષેત્રના કોઈ બિંદુ પર કોઈ ધન વિદ્યુતભારને અનંત અંતરેથી તે બિંદુ પર લાવવા માટે જે કાર્ય થાય તેને ઈલેક્ટ્રિકલ પૉટેન્શિયલ કહે છે. તેનો એસઆઈ એકમ વોલ્ટ છે.
- બે પદાર્થોને ઘરવાથી તેમાં હલકાં પદાર્થોને આકર્ષવાની વૃત્તિ પેદા થાય છે. આને સ્ટેટિક ઈલેક્ટ્રિસિટી કહે છે. બેન્જામિન ફ્રેંકલિને બે પ્રકારના અવશેષોના નામ આપ્યા છે. ધન અને ઋણ
- સમાન પ્રકારના વિદ્યુતભાર એક પદાર્થમાંથી બીજા પદાર્થમાં સમાન પ્રકારના વિદ્યુતભાર ધરાવતા વચ્ચે અપાકર્ષણ થાય છે. જ્યારે વિજાતિય વિદ્યુતભાર ધરાવતાં વચ્ચે આકર્ષણ થાય છે.
- જે પદાર્થ પોતાનામાંથી વિદ્યુત પસાર થવા દેતાં હોય તે પદાર્થને વિદ્યુતવાહક પદાર્થ કહે છે. દા.ત. ચાંદી(સૌથી વધુ વિદ્યુતવાહક), લોખંડ, તાંબુ
- **વોલ્ટાનો સેલઃ–** ૧૭૯૯માં એલેકઝાન્ડર વોલ્ટા નામના વૈજ્ઞાનિકે શોધ્યો હતો. જેમાં ઝિંકનો સળિયો કેથોડ તરીકે અને તાંબાનો સળિયો એનોડ તરીકે વપરાય છે વચ્ચે સલ્ફ્યુરિક એસિડ હોય છે.
- **વિદ્યુતશક્તિઃ** જે વિદ્યુતપથમાં જે દરે વિદ્યુતપ્રવાહ વપરાતો હોય તેને ઈલેક્ટ્રિક પાવર કહે છે. તેનો એસઆઈ એકમ વોટ છે. ઘરેલું વપરાશમાં વપરાતા પાવરને 'કિલોવોટ'માં માપવામાં આવે છે. વિદ્યુતપ્રવાહને માપવાના સાધનને 'એમીટર' કહે છે.
- **વિદ્યુતફ્યૂઝઃ** વધુ પડતા વિદ્યુતપ્રવાહથી થતા નુકસાનને બચાવવા શ્રેણીમાં વપરાતા સાધનને ઈલેક્ટ્રિકલ ફ્યુઝ કહે છે. સાદીભાષામાં ફ્યુઝ એક 'તાંબુ, ટીન, સીસુ'થી બનેલો એક નાનો તાર છે. તેનું ગલનબિંદુ નીચું હોય છે.
- **ટ્રાન્સફોર્મરઃ** ટ્રાન્સફોર્મર એક એવું સાધન છે જે લોવોલ્ટેજ એસીને હાઈવોલ્ટેજ એસીમાં અને હાઈવોલ્ટેજને લોવોલ્ટેજમાં ફેરવી શકે છે તે 'ઈલેક્ટ્રોમેગ્નેટિક' ઈન્ડકસન પર આધાર રાખે છે.
- **ભૌગોલિક ચુંબકત્વ(મેગ્નેટિઝમ):** પૃથ્વી એક શક્તિશાળી ચુંબક છે. જેનો દક્ષિણ ધ્રુવ જે ભૌગોલિક ઉત્તર ધ્રુવની નજીક હોય છે અને ઉત્તર ધ્રુવ ભૌગોલિક દક્ષિણ ધ્રુવની નજીક હોય છે. પૃથ્વીનું ચુંબકીય ક્ષેત્ર નીચે પ્રમાણે વર્તે છે. ચુંબકીય મેરીડિયન અને ભૌગોલિક મેરીડિયન વચ્ચે જે ખુણો બને તેને ડિકલાઈનેશન કહે છે.
- લોહચુંબક દ્વારા આકર્ષવાની વૃત્તિને ચુંબકત્વ કહે છે. તે ઈલેક્ટ્રોનના ચાર્જની પસાર થવાથી પેદા થાય છે. જેના પરિણામે વસ્તુ આકર્ષાય છે કે અપાકર્ષણ થાય છે. લોખંડ,

કોબાલ્ટ, નિકલ વગેરે જેવી ધાતુઓને લોહચુંબક આકર્ષે છે. જ્યારે લોહચુંબકને મુક્ત રીતે લટકાવવામાં આવે ત્યારે ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવમાં સ્થિર થાય છે.

- લોહચુંબકના બે પ્રકાર છે. કુદરતી અને કૃત્રિમ
- કુદરતી ચુંબક એ મેગ્નેટાઈટ છે. તેનો કોઈ ચોક્કસ આકાર હોતો નથી. તે મુખ્યત્વે બરડ હોય છે.
- **પરમાણુઃ** પદાર્થના નાનામાં નાના કણને અણુ કહે છે. પરમાણુમાં ત્રણ કણો હોય છે. પ્રોટોન, ઈલેક્ટ્રોન અને ન્યુટ્રોન
- ન્યુટ્રોન અને પ્રોટોન પરમાણુના કેન્દ્રમાં હોય છે. જેને ન્યુક્લિઅસ કહે છે. જ્યારે ઈલેક્ટ્રોન કેન્દ્રની આસપાસ ફરે છે.
- ઈલેક્ટ્રોન અને પ્રોટોનની સંખ્યા સરખી હોય છે.
- **પ્રોટોનઃ** પ્રોટોન 'ધનભાર' ધરાવે છે. તેની શોધ ગોલ્ડસ્ટીને કરી.
- **ઈલેક્ટ્રોનઃ** ઈલેક્ટ્રોન 'ઋણભાર' ધરાવે છે. તેની શોધ 'જે. જે. થોમસને' કરી.
- **ન્યુટ્રોનઃ** ન્યુટ્રોન 'તટસ્થ' છે. તેની શોધ 'એડવીક' નામના વૈજ્ઞાનિકે કરી.
- **રેડિયોએક્ટિવિટીઃ** રેડિયોએક્ટિવિટીની શોધ 'હેન્રી બેકલર' અને 'મેડમ ક્યુરી'એ કરી છે.
- જે કેન્દ્રમાં પ્રોટોનની સંખ્યા ૮૩ અથવા તેનાથી વધારે હોય તે અસ્થાયી હોય છે. સ્થિરતા મેળવવા માટે કેન્દ્ર પોતે જ આલ્ફા, બીટા, ગામા કિરણોને ઉત્સર્જીત કરવા લાગે છે. આવા તત્વોને 'રેડિયોએક્ટિવ' તત્વો કહે છે.
- રોબર્ટ પીયરી ક્યુરી અને તેની પત્ની મેડમ ક્યુરીએ નવા એક્ટિવ તત્વ 'રેડિયમ'ની શોધ કરી. બધા જ પ્રાકૃતિક રેડિયોએક્ટિવ તત્વ આલ્ફા, બીટા અને ગામા કિરણોના ઉત્સર્જન પછી લેડમાં બદલાઈ જાય છે.
- **આલ્ફા કિરણોઃ** તેની રચના ધનાત્મક હોય છે. તે વિદ્યુત ચુંબકીય પ્રવાહ ધરાવે છે.
- **બીટા કિરણોઃ** તે ઋણાત્મક રચના ધરાવે છે. તે પણ ચુંબકીય પ્રવાહ ધરાવે છે.
- **ગામા કિરણોઃ** તે તટસ્થ હોય છે. તેનું દળ ૦ 'શૂન્ય' હોય છે. સૌથી વધારે શક્તિ ગામા કિરણોમાં હોય છે.
- રેડિયોએક્ટિવિટીનું માપ 'ગાઈગર મૂલર કાઉન્ટર'થી થાય છે.
- રેડિયોએક્ટિવ કણોની ઉપસ્થિતિ જાણવા માટે તથા તેની ઊર્જાને માપવા માટે ક્લાઉડ નંબરનો ઉપયોગ થાય છે. તેની શોધ સી.આર. વિલસને કરી.
- ૧૯૦૫માં આલ્બર્ટ આઈન્સ્ટાઈનને દળ અને ઊર્જા વચ્ચેનો સંબંધ શોધ્યો. તેને 'સાપેક્ષતાનો સિદ્ધાંત' કહે છે.
- પ્રત્યેક પદાર્થમાં તેના દળને કારણે ઊર્જા પણ હોય છે. જો કોઈ પદાર્થનું દળ એમ હોય, પ્રકાશનો વેગ સી હોય તો આ દળની ઊર્જા $E=mc^2$ થાય. દા.ત. સૂર્યથી આપણને ગરમી સ્વરૂપે ઊર્જા મળતી રહે છે. જેના કારણે સૂર્યદળ ઘટતું જાય છે.
- **બ્રહ્માંડઃ** બ્રહ્માંડના પ્રારંભ અને તેના વિશેના સિદ્ધાંતો 'બિગબેંગ' થીયરી તરીકે ઓળખાય છે. અમેરિકન વૈજ્ઞાનિક 'એડવિન હબલ'ના પ્રમાણે આકાશગંગાઓ એકબીજાની સાપેક્ષે

દૂર જઈ રહી છે. કોઈ મહાવિસ્ફોટના કારણે આ આકાશગંગાના કારણે આ દૂર થઈ હશે આના 'બિગબેંગ' કહે છે.

- **રેડશિફ્ટ:** જો આપણે પ્રકાશના ઉદ્ગમ સ્થાન તરફ જઈએ તો પ્રકાશના તરંગોની આવૃત્તિમાં વધારો થાય છે. આ વધારો 'વાયોલેટ' રંગ તરફ વિસ્થાપિત થાય છે. આનાથી ઉલટું જો પ્રકાશના ઉદગમ સ્થાનથી અંતર વધે તો પ્રાપ્ત થતી પ્રકાશની આવૃત્તિમાં ઘટાડો થશે. અને આ આવૃત્તિ લાલ રંગ તરફ વિસ્થાપિત થશે. આ વિસ્થાપનને રેડશિફ્ટ કહે છે. આના આધારે ૧૯૨૯માં 'એડવીન હબલે' એવી પ્રસ્તુતી કરી કે કેટલીક મંદાકિનીઓ લાલ રંગ તરફ ખસે છે. આ પરથી એ પરિણામ આવ્યું કે મંદાકિનીઓ દૂર ખસે છે. આને હબલનો નિયમ કહે છે.
- **મંદાકિનીના ત્રણ પ્રકાર છે.**
- સર્પિલ(સ્પાઈરલ), દીર્ઘવૃત્તિય(ઈલિપ્ટિકલ), અનિયમીત
- બ્રહ્માંડની ૮૦ ટકા મંદાકિની સ્પાઈરલ છે, ૧૭ ટકા દીર્ઘવૃત્તિય અને ૩ ટકા અનિયમીત છે.
- આકાશગંગાની સૌથી નજીક એક સર્પિલ આકારની મંદાકિની છે. જેનું નામ 'દેવયાની' છે.
- **આકાશગંગા(મિલ્કી વે):** સ્વચ્છ અંધારી રાત્રે આકાશમાં જોતા ઉત્તરથી દક્ષિણ સુધી ફેલાયેલો લાંબો દૂધિયા રંગનો એક પટ્ટો આકાશમાં નદી વહેતી હોય તેવો દેખાતો હોય છે તેને આકાશગંગા કે મિલ્કી વે કહે છે.
- આપણો સૂર્ય આકાશગંગા કેન્દ્ર ફરતે ૨૫૦ કિમી પ્રતિ સેકન્ડના વેગથી પરિક્રમણ કરે છે. સૂર્યને આ પરિક્રમણ પૂરૂં કરતાં ૨૫૦ વર્ષ લાગે છે.
- **તારા(સ્ટાર):** તારાઓ એવા અવકાશી પદાર્થો છે જે સતત પ્રકાશ અને ઊર્જા ઉત્સર્જીત કરે છે. તારાઓમાં ૭૦ ટકા હાઈડ્રોજન, ૨૫ ટકા હિલિયમ, ૧.૫ ટકા કાર્બન તથા અન્યમાં નાઈટ્રોજન અને લોખંડ હોય છે.

  તારા ત્રણ રંગના હોય છેઃ લાલ, સફેદ અને વાદળી.

  જે તારાનું સપાટી પરનું તાપમાન સૌથી ઓછું હોય તે **લાલ** રંગ ધરાવે છે. વધુ તાપમાન વાળો તારો **વાદળી** રંગનો હોય છે.
- હાઈડ્રોજનમાંથી હિલીયમ અને હિલીયમમાંથી હાઈડ્રોજનમાં રૂપાંતરણને કારણે ઊર્જા ઉત્પન્ન થાય છે.
- **આપણું સૂર્યમંડળઃ**

  **સૂર્યઃ** તે ઊર્જાનો મુખ્ય સ્ત્રોત છે. સૂર્યના બાહ્ય તેજસ્વી ગોળારૂપ ભાગને 'ફોટોસ્ફીયર' કહે છે. જે વિસ્તારનું તાપમાન ઓછું હોય તે વિસ્તારમાં ઊર્જાનું શોષણ થવાથી તે વિસ્તાર કાળા ટપકાં રૂપે જોવા મળે છે. જેને સૂર્યકલંકો કહે છે. તેનો જીવનકાળ એકાદ મહિના જેટલો હોય છે. પૂર્ણ સૂર્યગ્રહણ દરમિયાન સૂર્યપ્રકાશ ઢંકાઈ જવાથી સૌથી બહારનું સ્તર ઝળહળી ઉઠે છે. જે સૂર્યની ફરતે મુગટ રૂપે દેખાય છે. તેને કોરોના કહે છે. કોરોના અને ફોટોસ્ફીયર વચ્ચેના વિસ્તારને 'કોસ્મોસ્પીયર' કહે છે. સૂર્યમંડળના ચાર ગ્રહો બુધ, શુક્ર, પૃથ્વી અને મંગળ સૂર્યથી નજીક છે. તેમને 'ટૅરેસ્ટ્રીયલ' કે 'પાર્થિવ' ગ્રહો કહે છે.



ભોંયરામાં, લાલભુવન કોમ્પ્લેક્ષ, બોમ્બે વડાપાંઉ નીચે, સેક્ટર-૨૨, ઘ-૬ કોર્નર, ગાંધીનગર

- **બુધઃ** તે કદમાં સૌથી નાનો અને સૂર્યથી સૌથી નજીકનો ગ્રહ છે તેને કોઈ ઉપગ્રહ નથી.
- **શુક્રઃ** સૂર્યથી બીજા સ્થાને આવેલો છે. તેની ફરતે સપાટી પર કાર્બન ડાયોક્સાઈડનું આવરણ આવેલું હોવાથી તે સૌથી વધુ તેજસ્વી છે. તેને ઈવનિંગ સ્ટાર અથવા મોર્નિંગ સ્ટાર તરીકે ઓળખવામાં આવે છે. તે અન્ય ગ્રહો કરતા વિરૂદ્ધ દિશામાં પરિભ્રમણ કરે છે. પૂર્વથી પશ્ચિમ એટલે ત્યાં સૂર્ય પશ્ચિમ દિશામાં ઊગે છે. તેને પણ કોઈ ઉપગ્રહ નથી.
- **પૃથ્વીઃ** સૂર્યથી ત્રીજો ગ્રહ. ૧૦૦૦ કિલોમીટર સુધી વાતાવરણ ફેલાયેલું છે. આથી ઉલ્કાઓ વાતાવરણમાં પ્રવેશતાં જ સળગી ઉઠે છે. તેને એક ચંદ્ર છે.
- **મંગળઃ** તે લાલાશ પડતો પૃથ્વીનો પાડોશી ગ્રહ છે. તેનો આકાર અને દળ પૃથ્વીના જેવુ જ હોવાથી તે પૃથ્વીની ‘જોડીયા બહેન’ તરીકે ઓળખાય છે. મંગળને ‘ફોબોસ’ અને ‘ડિમોસ’ નામના બે ઉપગ્રહો છે.
- **જોવિયન ગ્રહોઃ** મંગળની ભ્રમણકક્ષાની બહારના ગુરૂ, શનિ, યુરેનસ, નેપ્ચુન ગ્રહોનું બંધારણ ગુરૂને મળતું આવતું હોવાથી તે ‘જોવિયન ગ્રહો’ તરીકે ઓળખાય છે. આ ગ્રહો પ્રમાણમાં મોટાં છે.
- **ગુરૂઃ** સૂર્યમંડળનો પાંચમો અને સૌથી મોટો ગ્રહ છે. તે પૃથ્વી કરતાં કદમાં ૧૪૦૦ ગણો મોટો છે. ગુરૂને ૬૭ ઉપગ્રહો છે. તે પૈકી ‘ગનીમમેડ’ સૌથી મોટો ઉપગ્રહ છે.
- **શનિઃ** ગુરૂ પછીના બીજા ક્રમનો મોટો ગ્રહ છે. તેનું કદ પૃથ્વી કરતાં ૮૫૦ ગણું છે. તેની ફરતે આવેલાં ૩ વલયોને કારણે તે સુંદર દેખાય છે. તેને ૬૨ ચંદ્રો છે. જે પૈકી ‘ટાઈટન’ સૌથી મોટો ઉપગ્રહ છે.
- **યુરેનસઃ** તે છેલ્લેથી બીજા ક્રમનો એટલે કે સાતમા ક્રમનો ગ્રહ છે. તેને ૨૭ ચંદ્રો છે.
- **નેપ્ચુનઃ** તે સૂર્યથી સૌથી દૂર અને સૌથી ઠંડો ગ્રહ છે. તેને ૧૪ ચંદ્રો છે. તેનું ૧ વર્ષ પૃથ્વીના ૧૬૫ વર્ષ બરાબર હોય છે.
- પૃથ્વીની ફરતે જેમ સૂર્યની ફરતે પરિક્રમા કરતાં હોવાથી પરંતુ તેમનું દળ ખૂબ નાનું હોવાથી તેમને **‘લઘુગ્રહો’** અથવા **‘ડ્વાર્ફ પ્લાનેટ’** કહે છે. તેમાં સીરીસ, પ્લુટો, હોમિયા તથા ઈરીસ વગેરેનો સમાવેશ થાય છે. તેમાંથી પ્લુટોને ૫ ચંદ્રો છે. જેમાંથી ‘શેરોન’ નામના ઉપગ્રહનું કદ લગભગ પ્લુટો જેટલું જ છે. આ ઉપરાંત, મંગળ અને ગુરૂની વચ્ચે એસ્ટેરોઈડ્સ આવેલા છે. સૂર્યમંડળના નિર્માણ વખતે ગ્રહ બનવામાં નિષ્ફળ નીવડેલાં નાના–મોટા ખડકોને લઘુગ્રહો કહે છે. તેઓની સંખ્યા બે લાખથી વધુ છે. તેમાં સૌથી મોટો ‘સિરીસ’ હતો આથી તેને ‘વામનગ્રહ’નું બિરૂદ મળેલું છે.
- **ખરતા તારાઃ** અવકાશમાંથી નાના મોટા પદાર્થોનું ઉલ્કા સ્વરૂપે વાતાવરણમાં પ્રવેશ થાય ત્યારે ઘર્ષણના લીધે સળગી ઉઠે છે. જે લિસોટા સ્વરૂપે દેખાય છે. વિશાળકદની ઉલ્કાઓ વાતાવરણમાં સંપૂર્ણ સળગી ન ઉઠે અને ગોળા રૂપે પૃથ્વી પર પટકાય તેને ‘ઉલ્કાશીલા’ કહેવાય છે. આવી ઉલ્કા પડવાથી મહારાષ્ટ્રના બુલધાણા જિલ્લામાં ‘લોનાર સરોવર’નું નિર્માણ થયેલું છે. નામ્બિયામાં ‘હોબા’ નામની ઉલ્કા સૌથી મોટી અને સૌથી જૂની હયાત ઉલ્કા છે. ઉલ્કા પડવાથી દક્ષિણ ઓસ્ટ્રેલિયામાં ૯૦ કિમીનો વ્યાસ ધરાવતો મોટો ખાડો

પડેલો જે 'અક્રમાન' તરીકે ઓળખાય છે. તાજેતરમાં નવી શોધ મુજબ ઓસ્ટ્રેલિયામાં જ એરિજોના ખાતે ૨૫૦-૨૫૦ માઈલના બે ખાડા પડ્યા હતા તેને શોધ થઈ છે. ઉલ્કાવર્ષાથી આ વિશ્વનો સૌથી મોટો ક્રેટર ગણી શકાય.

- **ધૂમકેતુઃ** જ્યારે વાયુઓના વાદળ પ્રચંડ ગુરૂત્વાકર્ષણ બળના કારણે સૂર્ય તરફ ખસવા લાગે છે. તે ધૂમકેતુ તરીકે ઓળખાય છે. મોટાભાગના ધૂમકેતુઓ સૂર્યની આસપાસ લંબવૃત્તિ કક્ષામાં પરિભ્રમણ કરે છે. ધૂમકેતુ એ ધૂળ જેવી રજકણો મિશ્રિત બરફ આચ્છાદિત અવકાશી ગોળા છે. તે જેમ-જેમ સૂર્યની નજીક આવે તેમ-તેમ ગરમ થતાં તેમાનો બરફ વરાળમાં રૂપાંતર પામે છે. અને પરિણામે તેજસ્વી પુંછડીની રચના થાય છે. આથી તેને 'પુંછડીયા તારા' તરીકે પણ ઓળખાય છે.
- **નક્ષત્રોઃ** પૃથ્વી જેનાં કેન્દ્રમાં છે તેવા અનંત ત્રિજ્યાવાળા કાલ્પનિક ગોળાને 'આકાશી ચંદરવો' કહે છે. અવકાશી ચંદરવા પરના ક્રાંતિવૃત્તના ૨૭ સરખા ભાગ પાડવાથી મળતાં દરેક ભાગને 'નક્ષત્ર' કહે છે.
- **૧૨ રાશિઃ** સૂર્યની ૩૬૦ ડીગ્રી કક્ષાને સરખા ભાગે ૩૦ ડીગ્રીમાં સરખા ભાગે વહેંચવામાં આવે તેને 'રાશિ' કહે છે.
- **બ્લેકહોલઃ** ન્યુટ્રોન જ્યારે એકદમ ભારે થઈ જાય ત્યારે તેનું અનિશ્ચિત સમય સુધી સંકોચન થાય છે. જ્યારે તેની ત્રિજ્યા$=2EM/2C$ થઈ જાય ત્યારે તે 'બ્લેકહોલ' બને છે.
- ચંદ્ર એક દિવસ અથવા તિથિના અડધાભાગ એટલે સૂર્ય અને ચંદ્રના બનતા ખૂણામાંથી ૬° એટલે 'કરણ'. કુલ ૧૧ પ્રકારના કરણો જ્યોતિષશાસ્ત્રમાં દર્શાવેલા છે. તેમાંથી પ્રથમ ૭ 'ચલ' છે જ્યારે છેલ્લા ૪ 'સ્થિર' છે. પ્રથમ ૭ બવ, બાલવ, કૌલવ, તૈતીલ, ગર, વાણિજ અને વિશ્ટી છે. જ્યારે શકુની, ચતુષ્પાદ, નાગ, કિન્શુતુંગજા 'સ્થિર કરણો' છે.
- **પ્રો સ્ટાર(આદિતારો):** હાઈડ્રોજન અને હિલીયમ વાયુના વાદળો વચ્ચે ગુરૂત્વાકર્ષણ બળ થાય અને તે પોતાના જ ગુરૂત્વાકર્ષણ બળના કારણે સંકોચાઈ જાય અને ઘન સ્વરૂપ ધારણ કરે તેને પ્રો સ્ટાર કહે છે. આવા તારા પ્રકાશ ઉત્સર્જીત કરતા નથી.
- **પ્રો સ્ટાર માંથી સ્ટારઃ** આ સંકોચન દરમિયાન હાઈડ્રોજન પરમાણુ એકબીજા સાથે ટકરાય છે. આ ટક્કરથી આદિ તારાનું તાપમાન વધતું જાય છે. આ પ્રક્રિયા લાખો વર્ષ સુધી ચાલે છે. અને ઉષ્મા તથા પ્રકાશ ફેલાવા માંડે છે. અને તારાનો જન્મ થાય છે. તે શરૂઆતમાં લાલ તારા તરીકે ઓળખાય છે. પછી તેનું ભવિષ્ય પ્રારંભિક દળ પર આધાર રાખે છે. જો તારાનું પ્રારંભિક દળ સૂર્યના દળ બરાબર હોય તો તે પોતાનાં બાહ્ય આવરણને ખોઈ બેસે છે. અને સંકોચાઈને 'સફેદ વામન તારો' બની જાય છે. જે પદાર્થ સ્વરૂપે નષ્ટ પામે છે. જો તારાનું પ્રારંભિક બળ સૂર્યના દળથી વધારે હોય તો તેનાથી બનેલાં જાયન્ટ તારાનું સુપરનોવા સ્ટારના સ્વરૂપમાં વિસ્ફોટ થાય છે. અને વધુ સંકોચન થતા 'બ્લેક હોલ'ના રૂપમાં ફેરવાઈ જાય છે.


ભોંયરામાં, લાલભુવન કોમ્પ્લેક્ષ, બોમ્બે વડાપાંઉ નીચે, સેક્ટર-૨૨, ઘ-૬ કોર્નર, ગાંધીનગર

- **સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણઃ** જ્યારે પૃથ્વી અને સૂર્યની વચ્ચે અમાસના દિવસે ચંદ્ર આવે ત્યારે પૃથ્વીનાં થોડાક ભાગ પરથી સૂર્ય પૂરો દેખાતો નથી. આ ઘટનાને **'સૂર્યગ્રહણ'** કહે છે.
- જ્યારે પૂનમની રાત્રે ચંદ્ર અને સૂર્યની વચ્ચે પૃથ્વી આવી જાય અને તેનો પડછાયો ચંદ્રના કોઈ ભાગ પર પડે તેને **'ચંદ્રગ્રહણ'** કહે છે.

## તત્વોનું વર્ગીકરણ

- ઈ.સ. ૧૮૦૩માં વૈજ્ઞાનિક ડાલ્ટને તત્વોના પરમાણુભારની માહિતી આપી. આવર્ત કોષ્ટકનો વિકાસ મેન્ડેલિફ નામના રશિયન વૈજ્ઞાનિકે કર્યો. ૧૮૬૯માં મેન્ડેલીફે તત્વોના પરમાણુભાર અને તેના પાયાના રાસાયણિક ગુણધર્મો વચ્ચેના સંબંધો તારવીને શોધ્યું કે તત્વો વચ્ચે કોઈ ચોક્કસ પ્રકારનો સંબંધ છે. તેણે તત્વોને તેના પરમાણુભારના ચઢતાક્રમમાં ગોઠવ્યા. આ પરથી મેન્ડેલિફનો નિયમ નીચે પ્રમાણે થયો.
- નિયમઃ મેન્ડેલિફના આવર્ત નિયમ પ્રમાણે તત્વોના ભૌતિક અને રાસાયણિક ગુણધર્મો તેના પરમાણુ ભારના આવર્તનીય હોય છે.
- **મેન્ડેલિફની આવર્ત સારણીમાં નવવર્ગ અને સાત આવર્ત હતાં.**
- ઈ.સ. ૧૯૧૩માં હેન્રી મેસોલેએ પરમાણુક્રમાંકની શોધ કરી, ત્યારબાદ તત્વોને તેના પરમાણુક્રમાંકના ચઢતાક્રમમાં ગોઠવવામાં આવ્યાં, જેને આધુનિક આવર્ત કોષ્ટક કહે છે. આધુનિક આવર્ત કોષ્ટકમાં આવર્તનો પ્રથમ તત્વ ક્ષાર ધાતુ હોય છે અને અંતિમ તત્વ નિષ્ક્રીય વાયુ હોય છે. **પ્રથમ આવર્તનું પ્રથમ તત્વ હાઈડ્રોજન હોય છે**. આ એક અપવાદ છે.
